**ટૅક્સ રામાયણ**

પરેશ કપાસી



# વિલંબિત રિટર્ન સંબંધિત આકારણી વર્ષ પૂરું થવાના ત્રણ મહિના પહેલાં ભરવાનું હોય છે

ઓલ્ડ અને ન્યુ ટૅક્સ રેજિમ વિશેની વાત આપણે ગયા વખતના લેખમાં કરી. આજે થોડી વધુ વાત કરીએ. અહીં નાણાકીય વર્ષ ૨૦૨૨-'૨૩ માટે જૂના અને નવા ટૅક્સ રેજિમની તુલના કરવામાં આવી છે...

| કુલ આવક | કરવેરાનો દર (ઓલ્ડ ટૅક્સ રેજિમ)** | કરવેરાનો દર (ન્યુ ટૅક્સ રેજિમ)** |
|---|---|---|
| ૨,૫૦,૦૦૦ સુધી | ૦ ટકા | ૦ ટકા |
| ૨,૫૦,૦૦૧થી ૫,૦૦,૦૦૦* | ૫ ટકા | ૫ ટકા |
| ૫,૦૦,૦૦૧થી ૭,૫૦,૦૦૦ | ૨૦ ટકા | ૧૦ ટકા |
| ૭,૫૦,૦૦૧થી ૧૦,૦૦,૦૦૦ | ૨૦ ટકા | ૧૫ ટકા |
| ૧૦,૦૦,૦૦૧થી ૧૨,૫૦,૦૦૦ | ૩૦ ટકા | ૨૦ ટકા. |
| ૧૨,૫૦,૦૦૧થી ૧૫,૦૦,૦૦૦ | ૩૦ ટકા | ૨૫ ટકા |
| ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે | ૩૦ ટકા | ૩૦ ટકા |

*નોંધ: ભારતીય રહીશ કરદાતા, જેમની કુલ આવક ૨,૫૦,૦૦૦ કરતાં વધારે, પરંતુ ૫,૦૦,૦૦૦ કરતાં ઓછી હશે એમને ચૂકવવાપાત્ર કરવેરો (હેલ્થ અને એજ્યુકેશન સેસને બાદ કરતાં) અને ૧૨,૫૦૦ રૂપિયા એ બન્નેમાંથી જે રકમ ઓછી હશે એટલી રિબેટ કલમ ૮૭એ હેઠળ મળી શકશે. આમ, ૫,૦૦,૦૦૦ સુધીની કુલ આવક પર કરવેરાની કોઈ જવાબદારી નહીં આવે.

**નોંધ: ૬૦ વર્ષથી વધુ વયના રહીશ ભારતીયો માટે કરમુક્ત આવકની મર્યાદા ત્રણ લાખ રૂપિયા અને અતિ વરિષ્ઠ (૮૦ વર્ષથી વધુ વય) નાગરિકો માટેની કરમુક્ત આવકની મર્યાદા પાંચ લાખ રૂપિયા છે. જો વરિષ્ઠ નાગરિકો ન્યુ ટૅક્સ રેજિમમાં જાય તો એમની કરમુક્ત મર્યાદા ૨.૫ લાખ રૂપિયા જ છે. ઉપર જણાવેલા કરવેરાના દરમાં ૪ ટકાની હેલ્થ ઍન્ડ એજ્યુકેશન સેસ તથા સરચાર્જ અને માર્જિનલ રિલીફ લાગુ પડશે.

## કરવેરાની ચુકવણી

કોઈ પણ નાણાકીય વર્ષમાં જે કરદાતાએ ૧૦,૦૦૦ રૂપિયા કરતાં વધારે કર ભરવાનો આવતો હોય એમણે ઍડવાન્સ ટૅક્સ ભરવો પડે છે. જેમની બિઝનેસ કે પ્રોફેશનની આવક ન હોય એવા તમામ કરદાતાઓએ લાગુ પડે ત્યારે ઍડવાન્સ ટૅક્સ ભરવો પડે છે, એમાં વરિષ્ઠ નાગરિકો બાકાત છે. જેઓ ઍડવાન્સ ટૅક્સ ભરતા નથી એમને આવકવેરા ધારાની કલમ ૨૩૪બી અને ૨૩૪સી હેઠળ ચૂકવવાપાત્ર કરવેરા પર વ્યાજ ભરવું પડે છે. કરવેરાનું રિટર્ન ભરતી વખતે કરદાતાએ કરવેરાની પોતાની જવાબદારીને અહીં જણાવ્યા મુજબના દસ્તાવેજો સાથે સરખાવી લેવાની હોય છે...

**૧) ફૉર્મ ૧૬ :** નોકરીદાતા વર્ષ દરમ્યાન ચૂકવાયેલા પગાર અને એના પર કાપવામાં આવેલા ટીડીએસની વિગતો પ્રમાણિત કરતું જે પ્રમાણપત્ર આપે છે એને ફૉર્મ ૧૬ કહેવાય છે. પાછલા નાણાકીય વર્ષ માટેનું આ ફૉર્મ વર્તમાન નાણાકીય વર્ષની ૧૫ જૂને કે એની પહેલાં આપવાનું હોય છે.

**૨) ફૉર્મ ૨૬એએસ :** કરદાતાની આવકમાંથી જે ટીડીએસ સરકારમાં જમા કરવામાં આવ્યો હોય એનું સંકલિત સ્ટેટમેન્ટ એટલે ફૉર્મ ૨૬એએસ. કરદાતાની આવકમાંથી કાપવામાં આવેલા અને આવકવેરા ખાતામાં જમા કરવામાં આવેલા તમામ કરવેરાની વિગતો એમાં લખેલી હોય છે. હવે સરકારે ઍન્યુઅલ ઇન્ફર્મેશન સ્ટેટમેન્ટ (એઆઇએસ) નામે નવું સ્ટેટમેન્ટ ઇશ્યુ કરવાનું શરૂ કર્યું છે. એમાં મોટા નાણાકીય વ્યવહારોની તમામ વિગતો લખાયેલી હોય છે.

## કરવેરાના રિટર્નનું ફાઇલિંગ

જેમણે ટૅક્સ ઑડિટ કરાવવું પડતું નથી એવા તમામ વ્યક્તિગત કરદાતાઓની કુલ આવક કરમુક્ત મર્યાદા કરતાં વધારે હોય તેમણે દરેક અસેસમેન્ટ (આકારણી) વર્ષની ૩૧ જુલાઈ પહેલાં કરવેરાનું રિટર્ન ભરવાનું હોય છે. દા.ત. નાણાકીય વર્ષ ૨૦૨૧-'૨૨ માટેનું રિટર્ન ૨૦૨૨ની ૩૧ જુલાઈએ અથવા એની પહેલાં ભરવાનું હોય છે.

આ રિટર્ન ભરવામાં વિલંબ થાય ત્યારે આવકવેરા ધારાની કલમ ૨૩૪એ હેઠળ વ્યાજ ચૂકવવું પડે છે. વિલંબના સમયગાળાના દરેક મહિના દીઠ અથવા મહિનાના કોઈ એક હિસ્સા માટે ૧ ટકાના સામાન્ય દરે વ્યાજની ચુકવણી કરવાની હોય છે. ઉપરાંત, આવકવેરા ધારાની કલમ ૨૩૪એફમાં કહેવામાં આવ્યું છે કે જો રિટર્ન ભરવામાં વિલંબ થાય તો ૫૦૦૦ રૂપિયાની વિલંબ ફી ચૂકવવી પડે છે. જો કુલ આવક પાંચ લાખ રૂપિયા કરતાં ઓછી હોય તો ફીની રકમ ૧૦૦૦ જ હોય છે.

જો ડ્યુ ડેટ એટલે કે ૩૧ જુલાઈ સુધીમાં રિટર્ન ભરવામાં ન આવે તો વિલંબિત રિટર્ન સંબંધિત આકારણી વર્ષ પૂરું થવાના ત્રણ મહિના પહેલાં એટલે કે ૩૧ ડિસેમ્બરના રોજ કે એની પહેલાં ભરવાનું હોય છે. આકારણી વર્ષ પૂરું થયાનાં બે વર્ષની અંદર સુધારિત રિટર્ન ભરી શકાય છે. જોકે એના માટે વધારાનો ટૅક્સ ભરવો પડે છે.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.